સરકારી કર્મચારી/અધિકારીઓએ પાસ
કરવાની હિન્દી ભાષા પરીક્ષાની મુકિત
આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃહનપ /૧૦૮૩ / ૧૬૮૮/ ક,
સચિવાલય, ગાંધીનગર, તારીખ, ૧૧મી નવેમ્બર, ૧૯૯૮.

વંચાણે લીધા :-

(૧) સા.વ.વિ.નો તા.૧૭/૧૨/૬૩નો ઠરાવ ક્રમાંકઃઈએફસઆર/૧૦૬૩/૧૦૧૬૧/ક.
(૨) સા.વ.વિ.નો તા.૨૦/૯/૬૭નો ઠરાવ ક્રમાંકઃ હનપ /૧૧૬૭ /ક,
(૩) સા.વ.વિ.નો તા.૧૭/૯/૬૮નો ઠરાવ ક્રમાંકઃ હનપ/ ૧૬૮૮/ક,
(૪) સા.વ.વિ.નો તા.૨૬/૬/૭૨નો ઠરાવ ક્રમાંકઃ હનપ / ૧૧૬૯ /૭૨ /ક.
(૫) સા.વ.વિ.નો તા.૨૨/૧૧/૭૮નો ઠરાવ ક્રમાંકઃહનપ/ ૧૧૬૮/ ૭૮/ક.
(૬) સા.વ.વિ.નો તા.૬/૧૦/૮૦નો ઠરાવ ક્રમાંકઃ હનપ/ ૧૦૭૯ /૩૨૩૨/ક.
(૭) સા.વ.વિ.નો તા.૨૧/૫/૮૫નો ઠરાવ ક્રમાંકઃ હનપ/ ૧૦૮૩ /૧૬૮૮/ક.
(૮) સા.વ.વિ.નો તા.૬/૮/૯૦નો ઠરાવ ક્રમાંકઃ હનપ /૧૦૮૩ /૧૬૮૮/ક.

ઠ રા વ

ઉપર ક્રમ-૨ આગળ જણાવેલા ઠરાવથી સરકારી કર્મચારી/ અધિકારીઓએ હિન્દી ભાષા પરીક્ષા પાસ કરવા બાબતે જોગવાઈઓ થયેલી છે. આ ઠરાવમાં નિર્દિષ્ટ થયા મુજબ તા.૧/૧/૬૧ના રોજ કે તે પહેલાં જે સરકારી કર્મચારી/ અધિકારી ૪૫ વર્ષની વયે પહોંચ્યા હોય તેમને હિન્દી ભાષા પરીક્ષા પાસ કરવામાંથી મુકિત આપવામાં આવી હતી. બાદમાં ૪૫ વર્ષની વયના આધારે મુકિત આપતા હુકમો ઉપર વંચાણે લીધામાં જણાવેલ ઠરાવોથી વખતોવખત કરવામાં આવ્યા છે.

૨. છેલ્લે તા.૩૧/૧૨/૮૯ના રોજ કે તે પહેલાં ૪૫ વર્ષની ઉંમર પૂરી કરનાર કર્મચારી/ અધિકારીને હિન્દી પરીક્ષા પાસ કરવામાંથી ઉપર (૮) આગળના ઠરાવથી મુકિત આપવામાં આવી હતી. તે મુદતમાં વધારો કરીને હવે તા.૩૧/૧૨/૯૪ના રોજ કે તે પહેલાં ૪૫ વર્ષની ઉંમર પૂરી કરનાર કર્મચારી/ અધિકારીઓને આ હિન્દી પરીક્ષા પાસ કરવામાંથી મુકિત આપવામાં આવે છે. આવી મુકિતના વિધિસર હુકમો ખાતા / કચેરીના વડાએ કરવાના રહેશે.

પાછળ...

૩. આ મુકિત એ શરતે આપવામાં આવે છે કે, આવી રીતે જેમના ઈજાફા અટકાવ્યા હશે તેમને તા.૩૧/૧૨/૯૪ સુધી કાલ્પનિક ઈજાફા આપવામાં આવશે. તા.૩૧/૧૨/૯૪ સુધીના ઈજાફાઓનો તફાવત ( arrears ) ચુકવવામાં આવશે નહિ.

૪. આ હુકમો સરખા ક્રમાંકની આ વિભાગની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૦/૧૧/૯૮ની સહમતિથી બહાર પાડવામાં આવે છે.

૫. સચિવાલયના સર્વે વિભાગો/ખાતા / કચેરીના વડાઓને આ હુકમો સર્વે સંબંધિત કર્મચારી/અધિકારીના ધ્યાન પર લાવવા આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે.એસ.દવે,
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
બધા મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
સચિવાલયના સર્વે વિભાગો (પાંચ પાંચ નકલો સાથે.)
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× ભાષા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ,
પે એન્ડ એકાઉન્ટ્સ ઓફિસર, અમદાવાદ/ ગાંધીનગર.
રેસીડન્ટ ઓડિટ ઓફિસર, અમદાવાદ/ ગાંધીનગર.
હિસાબ અને તીજોરી નિયામકશ્રી, અમદાવાદ,
અન્ય ખાતા / કચેરીના વડાઓ,
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ,
અને રોકડ શાખા,
સીલેક્ટ ફાઈલ/ ક- શાખા,

---

× પત્ર દ્વારા.